# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૭/૦૬/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૨૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ, ૯૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૧ બિયર ટીન, ૦૧ ટ્રક, ૦૧ બોલેરો જીપ, અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૮,૬૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૮૨૩/૨૦૨૫**

**ખાડીયાઃ** હેમલભાઈ જીતેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૪૫)(રહે.સારંશ ગ્રીન ફ્લેટ આશીર્વાદ ફ્લેટની બાજુમાં, જીવરાજ મહેતા હોસ્પીટલ વાસણા) એ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે હેમલભાઈ શાહ નાઓ માણેકચોક, એમ.જી.હવેલી રોડ, “૨૪” કેરેટ કોમ્પલેક્ષ, બીજો માળ “શૈવી જવેલ્સ” ખાતે દુકાન ધરાવી સોનીનો ધંધો કરતા હોઈ તા.૧૦/૦૨/૨૦૨૫ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે હેમલભાઈ શાહએ આરોપી બકીબૂલ્લા નજીબુલ્લા શેખ (ઉ.વ.૩૮) (રહે.ઇમરાન રેસીડેન્સી (ભાડાના મકાનમાં) છીપા સોસાયટી પાસે દાણીલીમડા) નાઓને સોનાના દાગીના બનાવવા માટે કુલ ૩૨૫.૭૦૦ ગ્રામ ૨૪ કેરેટ સોનુ આશરે કિંમત રૂપિયા ૨૮,૯૮,૭૩૦/– આપેલ હતુ. જેના સોનાના દાગીના નહી બનાવી આપી કે સોનુ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.વી.ઠક્કર ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેકટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી